# કોંગ્રેસ ભૂમિ અધિગ્રહણ મામલે આક્રમક બને છે

## મેક ઇન ઇન્ડિયા મારફતે ખેડૂતોની જમીનોને આંચકી લેવાશે : રાહુલ

નવીદિલ્હી,તા. ૧૯

બે મહિના સુધી રજા ઉપર રહ્યા બાદ ફરી સક્રિય થયેલા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં રામલીલા મેદાન ખાતે યોજાયેલી વિશાળ કિસાન રેલીનું નેતૃત્વ કર્યું હતું અને જમીન અધિગ્રહણ બિલને લઇને મોદી સરકાર ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. કોંગ્રેસના સાંસદોએ કિસાન રેલી સંપૂર્ણપણે સફળ થઇ હોવાનો દાવો કર્યો હતો. રાહુલે યુપીએ સરકારના જમીન અધિગ્રહણ



બિલમાં અને એનડીએ સરકાર દ્વારા કરવામાં આવેલા ફેરફાર તથા વડાપ્રધાન મોદી દ્વારા વિદેશ યાત્રા ઉપર યુપીએ સરકારની ટિકાને લઇને આક્ષેપો કર્યા હતા. પોતાના ભાષણમાં રાહુલે આ તમામ મુદ્દાઓ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. રાહુલે કહ્યું હતું કે, મેક ઇન ઇન્ડિયાથી ખેડૂતોની જમીન આંચકી લેવામાં આવશે અને તેમને નોકરી પણ મળશે નહીં. અમે ખેડૂતોને નોકર અને મજૂર બનાવવા ઇચ્છુક નથી. રાહુલ ગાંધીએ ખેડૂતોને પ્રભાવિત કરવા ઉપરાંત મોદી ઉપર પણ પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મોદી પીએમ કઇ રીતે બન્યા તે અંગે તેમની પાસે માહિતી છે. મોદીએ ગુજરાત મોડલની ટીવી ઉપર જાહેરાતો આપી હતી. ગુજરાત મોડલના અંગે રાહુલે કહ્યું હતું કે, ગુજરાત સરકારે ઉદ્યોગપતિઓ પાસેથી જંગી રકમ લીધી હતી અને ખેડૂતોની જમીન લઇને નાણા પરત કરવામાં આવ્યા હતા. દેશમાં પણ મોદી આવું જ કરવા ઇચ્છુક છે. રાહુલે દાવો કર્યો હતો કે, મોદીએ ઉદ્યોગપતિઓને બતાવી દીધું છે કે, ગુજરાતના ખેડૂતો પાસેથી સરળતાથી જમીન મેળવી શકે છે. હવે દેશમાં પણ તેઓ આવું જ કરવા ઇચ્છુક છે. મોદી ઇચ્છે છે કે ખેડૂતને સિંચાઇ માટે પાણી, પાક માટે યોગ્ય કિંમત અને સસ્તા પ્રમાણમાં ખાદ્ય ઉપલબ્ધ ન થાય. ખેડૂતોને પોતાના બાળકોને ભણાવવા અને અસ્વસ્થ રહેલા પરિવારના સભ્યોને સારવાર અપાવી છે જેથી જમીનની પુરી કિંમત મળે તે જરૂરી છે. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, યુપીએ સરકારે જમીન અધિગ્રહણ બિલમાં ચાર મહત્વપૂર્ણ જોગવાઇ કરવામાં આવી હતી જેને એનડીએ સરકારે દૂર કરી દીધી છે. અગાઉના બિલમાં કહેવામાં આવ્યું હતું કે, ખેડૂતોને જમીનના માર્કેટ કરતા ચાર ગણી રકમ આપવામાં આવશે. વર્તમાન સરકારે જમીન લેવાના મામલામાં ૮૦ ટકા ખેડૂતોની ઇચ્છાશક્તિ, છ મહિનાની અંદર ઓડિટ કરી જમીન લેનાર ખેડૂતો પર પડનાર અસર સાથે સંબંધિત બાબત, કાયદાને અમલી નહી બનાવનાર અધિકારી પર કાર્યવાહી અને અધિગ્રુહિત જમીન ઉપર પાંચ વર્ષની અંદર કામ શરૂ નહીં હોવાની સ્થિતિમાં ખેડૂતોને જમીન પરત આપવા જેવી મહત્વપૂર્ણ જોગવાઇ દૂર કરી દીધી છે. રાહુલે આક્ષેપ કર્યો હતો કે, અમીર લોકોને ફાયદો આપવાના હેતુસર આ ચીજો દૂર કરવામાં આવી છે. વર્તમાન સરકાર જમીન આંચકીને મેક ઇન ઇન્ડિયા બનાવવા ઇચ્છુક છે. રાહુલે કહ્યું હતું કે, મોદી આ સપનાથી લોકોની જમીન આંચકી લેશે અને તેમને રોજગાર પણ આપશે નહીં. રાહુલે ખેડૂતોને ખાતરી આપી હતી કે, દેશમાં જ્યાં પણ જમીન આંચકી લેવામાં આવશે ત્યાં કોંગ્રેસ પાર્ટી અને તેઓ પોતે વચ્ચે આધાર તરીકે રહેશે. રાહુલ ગાંધીએ સીધા આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. રાહુલે પોતાના ભાષણ દરમિયાન ઓસ્ટ્રેલિયાના ખેડૂતોની વાત પણ કરી હતી અને કહ્યું હતું કે, ખેડૂતોની સ્થિતિ શું થઇ તે જાણીને તેમને આશ્ચર્ય થયું હતું. રાહુલે કહ્યું હતું કે, એનડીએ સરકારે રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનાનું બજેટ ૫૦ ટકા સુધી ઘટાડી દીધું છે. સરકાર દેશના ખેડૂતોને નબળા પાડી રહી છે. ૫૦ વર્ષના કચરાને તેઓ સાફ કરી રહ્યા છે તેવી વાત મોદીએ વિદેશમાં કરી છે જે ખુબ જ આઘાતજનક બાબત છે. રાહુલે ખેડૂતોના ૭૦ હજાર કરોડ રૂપિયાનું દેવું માફ કરવાની અને ઓછા વ્યાજે વધારે લોન આપવાની નીતિની પણ વાત કરી હતી.

## કિસાન રેલીમાં સોનિયા ગાંધીનું આક્રમક નિવેદન

નવીદિલ્હી,તા. ૧૯

દિલ્હીમાં આયોજિત કિસાન રેલીમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી અને પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે પણ સંબોધન કર્યું હતું. મનમોહનસિંહે કહ્યું હતું કે, મોદી સરકાર દ્વારા લાવવામાં આવેલા જમીન બિલમાં ૨૦૧૩માં યુપીએ દ્વારા લાવવામાં આવેલા બિલમાં રહેલી જોગવાઇ કરતા અલગ જોગવાઇ છે. ખેડૂતોના હિતોને નુકસાન પહોંચાડવાના હેતુસર આ બિલ લવાયું છે. બીજી બાજુ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ખેડૂતોને થઇ રહેલા અન્યાય સામે લડવાનો સમય આવી ગયો છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કિસાન કી અવાજ ન દબી હૈ ન દબેગી. ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, એનડીએ જમીન અધિગ્રહણ કાયદામાં ફેરફાર કરીને ખેડૂતો સામે કાવતરા ઘડી રહી છે. અબ બહુત હો ચુકા હૈ મોદી અને તેમની સરકારને એમ કહેવાનો સમય આવી ગયો છે કે, ખેડૂતોના અધિકારોને તેઓ આંચકી શકશે નહીં. કોંગ્રેસ સરકારથી બહાર થઇ છે પરંતુ ખેડૂતો માટેની લડત ચાલુ રહેશે. કોંગ્રેસનો અવાજ કોઇપણ દબાવી શકશે નહીં. ગાંધીએ કહ્યું હતું કે, મોદી અમેરિકા, ઓસ્ટ્રેલિયાથી અનાજ ખરીદવાની



યોજના ધરાવે છે. દેશમાં ખેડૂતોને બાજુએ મુકી દેવામાં આવ્યા છે. ગાંધીએ ઉમેર્યું હતું કે મોદી સબકા સાથે સબકા વિકાસના સ્લોગનને સંપૂર્ણપણે ભુલી ગયા છે. માત્ર ઉદ્યોગપતિઓને ટેકો આપી રહ્યા છે. મોદીએ ખેડૂતોને એકલા મુકી દીધા છે. મોદી સરકારનું વલણ બિલકુલ ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી છે. સરકાર જે કહે છે તેના કરતા વાસ્તવિકતા બિલકુલ અલગ છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બનેલી છે. મોદી સરકાર કોઇ પગલા લઇ રહી નથી. મોદી સરકાર જખમ ઉપર મીઠું નાંખી રહી છે. હાલમાં જ ઓછી રાહતો જાહેર કરાઇ છે. યુપીએના શાસન દરમિયાન રાજ્યોને એમએસપી ઉપરાંત ખેડૂતોને બોનસની ચુકવણી કરવામાં આવશે. પરંતુ મોદી સરકાર આ પગલા રોકી રહી છે. ખેડૂતોનો ખુબ ખરાબ સમય ચાલી રહ્યો છે. મનમોહનસિંહે પણ પોતાના ભાષણમાં આવી જ વાત કરી હતી.

## જમીન અધિગ્રહણ બિલના મુદ્દે વિરોધ પક્ષોની ઝાટકણી કરતા મોદી

નવીદિલ્હી,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમીન અધિગ્રહણ બિલના મુદ્દે તેમની સરકારને ગરીબ વિરોધી અને ખેડુત વિરોધી તરીકે રજૂ કરનાર વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તેમની સરકાર દ્વારા લેવામાં આવી રહેલા તમામ પગલા ગરીબ અને મધ્યમ વર્ગને વધુ રાહત અને ફાયદો થાય તેને ધ્યાનમાં લઇને લેવામાં આવી રહ્યા છે. મોદીએ સાફ શબ્દોમાં કહ્યુ હતું કે વિકૃત માનસિકતા ધરાવનાર લોકો દ્વારા જમીન અધિગ્રહણને લઇને ખોટી વાત ફેલાવવામાં આવી રહી છે. કેટલાક લોકો તેમની સરકારની સારી બાબતો તરફ ધ્યાન નહી આપવાનો નિર્ણય કરી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે તેમની સરકાર લોકલક્ષી કામગીરી વધુ મજબુતરીતે



આગળ વધારી રહી છે. અગાઉની સરખામણીમાં તમામ ક્ષેત્રોમાં જોરદાર પ્રગતિ થઇ ચુકી છે. મોદીએ ભાજપ સાંસદોની બેઠકમાં તમામ સાંસદોને સરકારની યોજનાઓને પ્રભાવી રીતે સામાન્ય લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી. સરકારે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી તમામ યોજનાઓની વાત કરી હતી. મહિલાઓ માટે શૌચાલય અને ગરીબો માટે આવાસ બનાવવા તેમજ સબસિડીવાળા ગેસ સિલિન્ડર છોડી દેવા જેવા તેમના જુના નિવેદનોનુ પણ મોદીએ ભાષણમાં પુનરાવર્તન કર્યુ હતુ. ભાજપના સાંસદોને મોદીએ ટિકા ટિપ્પણી તરફ ધ્યાન આપ્યા વગર લોકો માટે કામ જારી રાખવાની વાત કરી હતી. જમીન અધિગ્રહણ પર ટિકાનો સામનો કરી રહેલી સરકારના વલણની વાત કરતા મોદીએ કહ્યું હતું કે તેમની સરકારની તમામ નિતી ગરીબ અને નબળા વર્ગને ધ્યાનમાં લઇને બની રહી છે. તેમણે કહ્યું હતું કે અમે જમીન મુકેશ અંબાણી અને કોઇ અખબાર અથવા તો ચેનલ માલિકના ઘર બનાવવા માટે લઇ રહ્યા નથી. સરકાર ગરીબો પ્રત્યે સમર્પિત છે તેવો દાવો કરીને મોદીએ કહ્યું હતું કે ખોટી વાત ફેલાવવામાં આવી રહી છે. સાંસદો આ બિલ પર લોકોની સાથે આંખ મિલાવીને વાત કરે તેવી અપીલ કરી હતી. મોદીએ વિદેશી પ્રધાન સુષ્મા સ્વરજા અને વીકેસિંહની પ્રશંસા કરી હતી. ભાજપ સાંસદોની બેઠકમાં દિવસભર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

સરકારની યોજના લોકો સુધી પહોંચાડવાનો મુદ્દો છવાયો હતો. તેમની સરકાર કોર્પોરેટલક્ષી હોવાનો ઇન્કાર કરતા તેમણે કહ્યુ હતુ કે કેટલાક લોકોને ભાજપ સરકારની સારી ચીજો દેખાતી નથી. ખેડુતોને આપવામાં આવેલી રાહતોની વાત કરતા તેમણે કહ્યુ હતુ કે સરકારે તાજેતરમાં કમોસમી વરસાદના કારણે અસર પામેલા ખેડુતોને વળતર ચુકવવાના સંબંધમાં સાહસી નિર્ણય કર્યો હતો. આના ભાગરૂપે તેમની સરકારે નુકસાનના ક્રાઇટેરિયાને ૫૦ ટકાથી ઘટાડીને ૩૩ ટકા કરવાનો નિર્ણય કર્યો છે. અગાઉની સરકાર અને અને હાલની સરકારની કામગીરીને તુલનાની દ્રષ્ટિએ લોકોની સમક્ષ રજૂ કરવા મોદીએ સાંસદોને અપીલ કરી હતી. ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે લોકોની તકલીફ દુર કરવાનુ કામ પણ સરકારનુ છે. તેમની ૧૦ મહિના જુની સરકારે તમામ પગલા ગરીબોના હિતમાં લીધા છે. ફુગાવામાં ઘટાડો થયો છે. સિમેન્ટની કિમતો ઘટી છે આ તમામ બાબત તેમની સરકારના પગલાના કારણે શક્ય બની છે. વધારે સક્રિય થવા તેઓએ કાર્યકરો અને સાંસદોને અપીલ કરી હતી.

**ભાજપના રાહુલ ગાંધી ઉપર તેજાબી પ્રહારો**

## જમીન બિલને લઇને શાબ્દિક યુદ્ધ તીવ્ર : સામ સામે આક્ષેપો

નવીદિલ્હી,તા. ૧૯

જમીન બિલને લઇને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે શાબ્દિક યુદ્ધ વધુ તીવ્ર બની ગયું છે. રામલીલા મેદાનમાં આજે કોંગ્રેસની કિસાન મહા રેલીમાં રાહુલ અને સોનિયા ગાંધીના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહાર બાદ ભાજપે વળતા પ્રહાર કર્યા છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ એક બાજુ રાહુલ ગાંધી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. બીજી બાજુ રવિશંકર પ્રસાદે કહ્યું છે કે, રાહુલે જમીન બિલ ઉદ્યોગપતિઓ માટે લાવવાની વાત કરીને વડાપ્રધાનનું અપમાન કર્યું છે. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, રાહુલના જણાવ્યા મુજબ મોદીએ ઉદ્યોગપતિઓ પાસેથી નાણા લઇને ચૂંટણી લડી હતી જેને પરત કરવા માટે મોદી જમીન બિલ લાવી રહ્યા છે. રાહુલનું આ નિવેદન દેશના જનાદેશનું અપમાન સમાન છે. રાહુલે આ નિવેદન કરવા બદલ દેશના લોકોની માફી માંગવી જોઇએ. રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, જ્યારે સોનિયા ગાંધી અને રાહુલ મોદીના ગુજરાત મોડલ ઉપર પ્રશ્નો ઉઠાવે છે ત્યારે વાઢેરા મોડલ ઉપર પણ વાત થવી જોઇએ. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસની અંદર રાહુલ ગાંધીને અનેક વખત લોંચ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પ્રસાદે એમ પણ કહ્યું હતું કે, અમે ખેડૂતોના ઘરે, તેમના માટે હોસ્પિટલ બનાવવા અને સ્કૂલ બનાવવા માટે જમીન મેળવી રહ્યા છે.

**હાઇકોર્ટનો મહત્વનો ચુકાદો**

## બળાત્કારના મામલામાં સમાધાન સારી બાબત

ચંદીગઢ, તા. ૧૯

પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે કહ્યું છે કે જો કોઇ પ્રેમ પ્રકરણમાં પાર્ટનર ઉપર બળાત્કારનો આક્ષેપ કરે છે અને મોડેથી લગ્ન કરી નાંખે છે તો આરોપ દૂર કરવા માટે તેમની વચ્ચે સમજૂતિ થઇ શકે છે. હાઇકોર્ટે આ ચુકાદો તાજેતરમાં જ એક યુવકની અરજીના આધાર પર આપ્યો છે. આ ચુકાદાને ખુબ દુરગામી તરીકે ગણવામાં આવે છે. આ યુવક ઉપર યુવતીએ પોતાના પરિવારના સભ્યોના દબાણમાં આવીને બળાત્કારનો આક્ષેપ મુક્યો હતો. મોડેથી આરોપી અને ભોગ બનેલી યુવતીના લગ્ન થઇ ગયા હતા. જજ રાજમોહનસિંહે યુવક ઉપરથી બળાત્કારના આક્ષેપો દૂર કરવા માટે કહ્યું છે. તેમણે એમ પણ કહ્યું છે કે, આવા કેસનું કોઇ પરિણામ આવશે નહીં. આ મામલાની સતત સુનાવણી થવાની સ્થિતિમાં દંપત્તિના લગ્ન જીવન ઉપર માઠી અસર થઇ શકે છે. સંગરુર જિલ્લાના એક દંપત્તિ વચ્ચે પ્રેમ પ્રકરણની સ્થિતિ હતી. યુવક યુવતી બંને ઘરેથી ભાગી ગયા હતા પરંતુ પરિવારના સભ્યોને આની જાણ થઇ ગઇ હતી. યુવતીના પરિવારના સભ્યોએ ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૪ના દિવસે યુવક ઉપર બળાત્કારનો આક્ષેપ કરી દીધો હતો. મોડેથી યુવતીના પરિવારના સભ્યોએ આ લગ્નને મંજુરી આપી દીધી હતી. મોડેથી બંનેએ ગુરુદ્વારામાં લગ્ન કર્યા હતા જેથી મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. યુવકે આક્ષેપોને દૂર કરવાની માંગ કરીને કોર્ટમાં અપીલ કરી હતી.

## ચીની પ્રવાસીને ઇ-ટુરિસ્ટ વિઝા આપવા ઓફર કરાશે

નવી દિલ્હી, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઐતિહાસિક ચીન યાત્રા પહેલા ભારત સરકાર ચીનના નાગરિકોને પણ ઇ-ટ્યુરિસ્ટ વીઝા સુવિધા આપવાની ઓફર કરી શકે છે. આ દિશામાં ટુક સમયમાં નિર્ણય કરાય તેવી શક્યતા દેખાઇ રહી છે. ઇન્ટેલિજન્સ સંસ્થા દ્વારા જોરદાર વાંધો ઉઠાવવામાં આવી રહ્યો હોવા છતાં આ નિર્ણય લેવામાં આવી શકે છે. કેન્દ્રિય ગૃહ સચિવ એલસી ગોયલના નેતૃત્વમાં હાલમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ઇન્ટેલિજન્સ સંસ્થાએ ચીનના ટ્યુરિસ્ટને આ સુવિધા આપવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સાથે સાથે ઇન્ટેલિજન્સ સંસ્થાએ ચીનના નાગરિકોને ઇ-ટ્યુરિસ્ટ વીઝાની સુવિધા આપતા પહેલા સાવધાનીપૂર્વકનુ વલણ અપનાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. પ્રવાસ મંત્રાલય દ્વારા વધુ પાંચ દેશોના નાગરિકોને ઇ-ટ્યુરિસ્ટ વીઝા સુવિધા આપવાના મામલે વિચારણા કરવામાં આવી રહી છે. આ પાંચ દેશોમાં ચીનનો સમાવેશ થાય છે. અન્ય જે ચાર દેશો છે તેમાં બ્રિટન, ફ્રાન્સ, ઇટાલી અને સ્પેનનો સમાવેશ થાય છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓનુ કહેવુ છે કે ઇન્ટેલિજન્સ સંસ્થા આની તરફેણમાં નથી. જુદા જુદા કારણોસર ચીનના નાગરિકોને આ સુવિધા આપવા સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. અરૂણાચલ પ્રદેશના લોકોને ચીન દ્વારા સ્ટેપલ્ડ વીઝા આપવામાં આવ્યા છે. સ્ટેપલ્ડ વીઝાના કારણોસર પણ ઇન્ટેલિજન્સ સંસ્થાએ વાંધો ઉઠાવ્યો હતો. સરકાર તરફથી પણ આનો વાંધો ઉઠાવવામાં આવે તેવી શક્યતા છે. મે મહિનામાં મોદી ચીનની ઐતિહાસિક યાત્રા પર જનાર છે. ગયા વર્ષે ભારત દ્વારા ઇ-ટ્યુરિસ્ટ સુવિધાની શરૂઆત કરવામાં આવી છે. અમેરિકા સહિત ૪૦ દેશોના નાગરિકોને આ સુવિધા આપવામાં આવી હતી. જો કે ચીનનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ચીનના અધિકારીઓએ ઠેરવ્યુ હતું કે દેશ પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને ઇરાનના લોકોને આ સુવિધા આપી રહી નથી. ચીનમાં બારતના રાજદુત અશોક કે. કાન્તા જાન્યુઆરીમાં ગૃહ મંત્રાલયના અદિકારીઓને મળ્યા હતા અને ચીની નાગરિકોને આ સુવિધા આપવાનો અનુરોધ કર્યો હતો. પ્રવાસ મંત્રાલય દ્વારા હવે ચીનના નાગરિકોને પણ આ સુવિધા આપવાની માગ કરવામા આવી છે. ડિસેમ્બર ૨૦૧૪ના આંકડા મુજબ કુલ ૧૪૦૮૩ ઇ-ટ્યુરિસ્ટ વીઝા જારી કરવામાં આવ્યા હતા. ડિસેમ્બર ૨૦૧૩માં ૨૭૦૦ને વીઝા અપાયા હતા. ૨૭મી નવેમ્બર ૨૦૧૪ના દિવસે આ સ્કીમ શરૂ થયા બાદ કુલ સ્કીમ હેઠળ સરકારે ૧૧૦૦૦૦ લોકોને વીઝા આપ્યા છે.

## કાશ્મીરમાં મોટાપાયે હુમલા થવાનો ભય : હેવાલમાં દાવો

શ્રીનગર,તા. ૧૯

જમ્મુ કાશ્મીરમાં વિરોધ પ્રદર્શન અને હિંસાનો દોર જારી રહ્યો છે ત્યારે હવે પરિસ્થિતીનો લાભ ઉઠાવીને પાકિસ્તાનમાં સક્રિય ત્રાસવાદી સંગઠનોના ત્રાસવાદીઓ સરહદપારથી ઘુસણખોરી કરીને હુમલા કરવાની યોજના ધરાવે છે. ખીણમાં હુમલા કરવામાં આવી શકે છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાનની આઇએસઆઇની મદદથી હુમલાઓ કરવામા આવી શકે છે. આઇએસઆઇ દ્વારા ત્રાસવાદીઓને ઘાતક તાલીમ પણ આપવામાં આવી રહી છે. ઇન્ટેલિજન્સ બ્યુરોએ ગયા મહિનામાં જ કેન્દ્રિય ગૃહ મંત્રાલયને એલર્ટ કરીને હુમલા થઇ શકે છે તેવી દહેશત વ્યકત કરી છે. સંભવિત ઘુસણખોરી અંગે ચેતવણી આપવામાં આવ્યા બાદ પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન લશ્કરે તોયબા અને હિજબુલ મુઝાહીદીનના ત્રાસવાદીઓએ હાલમાં હુમલા કર્યા હતા. સાંબા અને કથુઆમાં પણ હુમલા કરવામાં આવ્યા હતા. લશ્કરે તોયબાના ત્રાસવાદીઓ જમ્મુ સરહદ નજીક માત્ર ત્રણ કિલોમીટરના વિસ્તારમાં ત્રાસવાદી કેમ્પ ચલાવી રહ્યા છે. આ મામલામાં કેન્દ્રિય ગૃહ મંત્રાલયને બીએસએફ દ્વારા અહેવાલ પણ સુપ્રત કરવામાં આવ્યો છે. ત્રાસવાદી સંગઠનના પ્રયાસ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી છે. જો કે જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળો દ્વારા લેવામાં આવેલા કઠોર પગલાના લીધે હુમલા ઘટી ગયા છે. જમ્મુ કાશ્મીરમાં હાલમાં અલગતાવાદીઓ દ્વારા આક્રમક દેખાવો કરવામાં આવી રહ્યા છે જેના લીધો સ્થિતિ ખુબ જ તંગ બનેલી છે. આવનાર દિવસોમાં આ પરિસ્થિતિનો લાભ ત્રાસવાદીઓ ઉઠાવી શકે છે.

**૪૦ વર્ષના ગાળા બાદ ફિલ્મ રજૂ**

## પાકિસ્તાનના થિયેટરોમાં હાલમાં શોલેની ધૂમ મચી


નવી દિલ્હી,તા.૧૯

બોલીવુડની ક્લાસિક ફિલ્મોમાં સ્થાન ધરાવનાર અમિતાભ બચ્ચન અને ધર્મેન્દ્ર અભિનિત શોલે ફિલ્મ પાકિસ્તાનના થિયેટરોમાં હાલમાં ધૂમ મચાવી રહી છે. ભારતમાં આ ફિલ્મ રજૂ થયાના ૪૦ વર્ષ બાદ પ્રથમ વખત પાકિસ્તાનમાં આ ફિલ્મની ધૂમ જોવા મળી રહી છે. રમેશ સિપ્પી દ્વારા નિર્દેશિત એક્શન ફિલ્મને ભારતીય સિનેમાની ઓલટાઇમ બ્લોકબસ્ટર ફિલ્મ પૈકીની એક તરીકે ગણવામાં આવે છે. જીઓ ફિલ્મ અને માંડવીવાલા એન્ટરટેઇનમેન્ટ દ્વારા પાકિસ્તાનમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવી છે જેને જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. કરાંચીમાં હાઉસફુલના શો જોવા મળી રહ્યા છે. જાણકાર લોકોનું કહેવું છે કે, આ ફિલ્મ હજુ પણ પાકિસ્તાનમાં સારો પ્રતિસાદ મેળવે તેવી શક્યતા છે. થ્રીડીમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવી છે. પાકિસ્તાનમાં ભારતીય ફિલ્મોની બોલબાલા ઘણા સમયથી રહેલી છે.

## આલિયા બોલિવુડમાં સૌથી આશાસ્પદ અભિનેત્રી

મુંબઇ,તા. ૧૯

બોલિવુડમાં એન્ટ્રી કર્યા બાદથી સૌથી આશાસ્પદ અભિનેત્રી તરીકે ઉભરી ચુકેલી આલિયા ભટ્ટ હવે સામાજિક કાર્યક્રમમાં પણ ભાગ લઇ રહી છે. આલિયાને મોટા સ્ટાર સાથે ફિલ્મો હાથ લાગી રહી નથી પરુત તેને સારા રોલ મળી રહ્યા છે. તેની ફિલ્મો યુવા પેઢીને પસંદ પડી રહી છે. હવે મોટા ભાગના ચાહકો માની રહ્યા છે કે આલિયા પોતાના હોમ પ્રોડક્શનની ફિલ્મમાં પણ કામ કરનાર છે. જો કે આ સબંધમાં આલિયા બિલકુલ સ્પષ્ટ વલણ ધરાવે છે. સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે બોલિવૂડમાં એન્ટ્રી કરી ચૂકેલી અને આશાસ્પદ અભિનેત્રી તરીકે ઊભરેલી આલિયા ભટ્ટનું કહેવું છે કે તે પોતાના કેમ્પમાં કામ કરવા માટે પણ ઇચ્છુક છે પરંતુ યોગ્ય ફિલ્મ હશે તો જ તે આ કેમ્પમાં કામ કરશે. ભટ્ટ કેમ્પમાં ઘણા ટોચના કલાકારો કામ કરતા રહ્યા છે. મહેશ ભટ્ટની પુત્રી



આલિયા ભટ્ટે પોતાના ગૃહ પ્રોડક્શન હાઉસમાં કામ કર્યું નથી. આ અંગે તેનું કહેવું છે કે જ્યાં સુધી કોઇ સારી ફિલ્મ મળશે નહીં ત્યાં સુધી આના માટે રાહ જોશે. સ્ટુડન્ટ ઓફ ધ યર મારફતે સફળતા મળ્યા બાદ તેને કેટલીક ફિલ્મો મળી છે. હકીકતમાં મુકેશ ભટ્ટની ફિલ્મ સંઘર્ષમાં પ્રિતી ઝિન્ટાના બાળપણની ભૂમિકા તે અદા કરી ચૂકી છે. ફિલ્મોમાં આવ્યા બાદ આલિયાએ બીજા મોટા બેનરોની ત્રણ ફિલ્મોમાં કામ કરવાની જાહેરાત કરી છે. આલિયા પાસે માત્ર સારી ફિલ્મો જ નથી પરંતુ તેની પાસે મોટી કંપનીઓની જાહેરાત પણ છે. જેમાં કોકા કોલા, ગાર્નિયરનો સમાવેશ થાય છે. નવી કંપની તેને પોતાની એડમાં લેવા માટે તૈયાર છે. કારણ કે યુવા પેઢીમાં તે લોકપ્રય થઇ રહી છે. કેટલાક લોકો તો એમ પણ કહે છે કે તે ભાવિ સુપરસ્ટાર છે. હાલમાં તે શાહિદ કપુર અને અન્ય નવા કલાકારો સાથે નજરે પડી રહી છે.

## અબુ સાલેમના વધુ એક સાગરિતની ધરપકડ થઇ

નવી દિલ્હી, તા. ૧૯

દિલ્હી પોલીસે જેલમાં રહેલા ગેંગસ્ટર અબુ સાલેમના એક ટોપના સાગરિત અને શાર્પશૂટરની ધરપકડ કરી છે. દિલ્હી પોલીસે આ અહેવાલને સમર્થન પણ આપ્યું છે. પોલીસે કહ્યું છે કે, દિલ્હી સરાયરોહિલ્લા વિસ્તારના નિવાસી જાનઉસ્માન ખાનની ધરપકડ કરવામાં આવી છે. તેને કસ્ટડીમાં પણ લઇ લેવામાં આવ્યો છે. કાશ્મીર ગેટ વિસ્તારમાંથી શનિવારના દિવસે તેની ધરપકડ કરવામાં આવી હતી. જાન ઉસ્માન ખાન બનાવટી ચલણ, ખંડણી અને હત્યામાં સામેલ રહેલો છે.

## મારિયા કેરી વજનને ઉતારી દેવામાં સફળ રહી : હેવાલ

લોસએન્જલસ,તા. ૧૯

અમેરિકી ગાયિકા, સોંગ લેખિકા અને અભિનેત્રી મારિયા કેરી ફરી એકવાર સંપૂર્ણ સફળ થઇ ગઇ છે. ન્યુયોર્કના લોંગ આઇલેન્ડ ખાતે જન્મેલી અને ઉછરેલી મારિયા કેરી સૌથી લોકપ્રિય સેલિબ્રીટી તરીકે રહી છે. વર્ષ ૨૦૦૦માં કેરીએ કોલંબિયા છોડી દીધા બાદ વર્જિન રેકોર્ડ સાથે ૧૦૦ મિલિયન ડોલરનો કરાર કર્યો હતો. મારિયા કેરીની સંપત્તિ ૫૦૦ મિલિયન ડોલરથી વધુની છે. તે રેકોર્ડ પ્રોડ્યુસર અને અભિનેત્રી તરીકે પણ સફળતા મેળવી ચુકી છે. વર્ષની શરઆતમાં બે બાળકોની માતા બની ચુકેલી પોપ સ્ટાર મારિયા કેરી પોતાનું વજન ઉતારી લેવામાં સફળ રહી છે. મારિયા કેરીએ થોડાક સમય પહેલા જોડકા બાળકોને જન્મ આપ્યો હતો. શેક ઇટ ઓફની ગાયિકાએ કબુલાત કરી હતી કે તે તાજેતરમાં તેના વજનને લઇને પરેશાન થયેલી હતી. તે અગાઉ જેવી હવે બની શકશે નહી તે બાબતને લઇને તે પરેશાન હતી. મારિયા કેરીએ કહ્યું છે કે જ્યારે તે સગર્ભા થઇ હતી ત્યારે તેના શરીરની ફિટનેસ બગડી ગઇ હતી. મારિયા કેરી હવે ફરી એકવાર ફિટ થઇ જતા તે પોતાની ફિટનેસ અને ખુબસુરતીને લઇને સંતુષ્ઠ થઇ છે.